## શ્લોક : ૪
## ભગવત્સમાન ષડવિધિ એશ્વર્ય

**અનન્તગુણભૂષિતે શિવવિરંચિદેવસ્તુતે**
**ઘનાઘનનિભે સદા ધ્રુવ પરાશરાભીષ્ટદે ।**
**વિશુદ્ધ મથુરાતટે સકલ ગોપગોપીવૃતે**
**કૃપાજલધિસંશ્રિતે મમ મનઃ સુખં ભાવય ।।૪।।**

શબ્દાર્થ : **અનંન્તગુણભૂષિત** = અંતવગરના ગુણોથી શોભતા, **શિવ** = મહાદેવજી, **વિરંચિ** = બ્રહ્મા, **દેવસ્તુતે** = દેવતાઓ દ્વારા સ્તુતિ કરાયેલા **ઘનાઘનનિભે** = ગાઢા મેઘ જેવી કાંતિવાળા, **સદા** = હંમેશા, **ધ્રુવ પરાશર** =ધ્રુવ અને પરાશર, **અભિષ્ટદે** = ઇચ્છેલું આપનારા, **વિશુધ્ધ મથુરા તટે** = જેના તટ (કિનારા) પર વિશુધ્ધ મથુરાનગરી છે એવા, **સકલગોપગોપીવૃતે** = અનેક ગોપગોપીઓથી ઘેરાયેલા, **કૃપાજલધિ** = કૃપા સાગર, **સંશ્રિતે** = આશ્રયરૂપ, **મમ** = મારા, **મનઃ** = મનને, **સુખંભાવય** = સુખ થાય એવી કૃપા કરો.

ભાવાર્થ : (૧) અનંત ગુણો વડે શોભાયમાન, (૨) શિવ, બ્રહ્મા વગેરે દેવતાઓ વડે સ્તુતિ કરાયેલા, (3) હંમેશા ગાઢા મેઘ જેવી કાંતિવાળા, (૪) ધ્રુવ અને પરાશરને મનોવાંચ્છિત ફળ દેનારા, (૫) ભુવનને મોક્ષદા મથુરા નગરી જેના કિનારે છે એવા, તથા (૬) સકલ ગોપગોપીજનોથી વીંટળાયેલા, તેમજ કૃપાસાગર શ્રી કૃષ્ણનો આશ્રય કરીને રહેલા એવા હે શ્રી યમુનાજી ! તમે જ મારા મનને ઉપર જણાવેલા છ ગુણોવાળા દયાસાગર શ્રી કૃષ્ણમાં જેમ સુખ થાય તેમ વિચારો.

અનંત ગુણથી શોભતાં સ્તુતિ દેવ બ્રમ્હા શિવ કરે
ઘનશ્યામ જેવું મેઘ સમ છે સ્વરૂપ સુંદર આપનું
વિશુધ્ધ મથુરા આપના સાનિધ્યમાં શોભિ રહ્યું
સૌવ ગોપ ગોપી વૃન્દને ઈચ્છીત ફળ આપી રહ્યું
મમ કોડ સૌ પૂરા કરો જયમ ધ્રુવ પરાશાના કર્યા
વંદન કરૂં શ્રી યમુનાજીને શ્રી કૃષ્ણ આશ્રય આપજો।।૪।।

